# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

**બદી બાજુથી આવે છે ભીંસ, કેસો પેંચાય છે,**
**માલિકોની નજર સામે જમીનો વેંચાય છે**
**રહે છે 'આનંદી' - રક્ષકો જ નિશ્ચિંત થઇ ને -**
**પ્રધાનોમાં સામસામી તલવારો ખેંચાય છે**

**કરે બદલી**
**ચૂંટણીના ગંજીફે**
**લગાવે કેંચી**
**(મનમાની ગોઠવણો)**

**સત્તા બેકાબૂ -**
**ને કાયદો નિ:વસ્ત્ર,**
**યુપી-બિહાર**
**(નિર્લજ વ્યવહાર)**

## ચિંતન

**યત્સકાશાન્ન લાભઃ સ્યાત્કેવલાઃ સ્યૂર્વિપત્તયઃ ।**
**સ સ્વામી દૂરતસ્ત્યાજ્યો વિશેષાદ્નું જીવિભીઃ ॥**

સુભાષિત રત્ન ભાંડાગારના ત્રીજા પ્રકરણ 'રાજનીતિ'નો આ શ્લોક છે :

**'જે રાજા પાસેથી કોઇ લાભ ન મળ્યો હોય, અને માત્ર ને માત્ર એકલી વિપત્તિઓ જ મળ્યા કરતી હોય, તો રાજસેવકો (સનદી અધિકારી, આઇ.એ.એસ, પી.એ.એસ. કે એફ.એ.એસ.) એવા રાજાનો ત્યાગ કરી બીજે ચાલ્યા જાય છે.'**

**રાજાએ પોતાની સત્તા ટકાવી રાખવા દુશ્મનો અને વહીવટી વિકાસમાં નડતર રૂપ કંટકો દૂર કરવા સામ-દામ-દંડ-ભેદની નીતિ જરૂર અપનાવવી જ જોઇએ. 'રાજનીતિ'માં એમાં કંઇ ખોટું પણ નથી. પરંતુ માત્ર પોતાના અંગત સ્વાર્થ માટે, ખૂદના જ વિકાસ માટે પોતાના અધિકારીઓ પાસેથી ખોટી નોંધો પર મજબૂરીથી સહીઓ કરાવી ખોટાં કામ કરાવી રાજયની તિજોરીનો દુરૂપયોગ કર્યો હોય, પોલીસોની મદદની નિર્દોષ હોય એવાં ગુન્હેગારોને તેમની સ્ત્રીઓને મારી નાખ્યા હોય આવાં કૃત્યોના જે સાક્ષી હોય એવાં બધાને મૌખિક સૂચનાઓથી મારી નંખાવ્યા હોય છતાં વારસદાર અધિકારીઓને ચશ - બદલો આપવાને બદલે તેમની આપત્તિઓમાં તેમનો બચાવ પણ ન કરે તેવા અધિકારી રાજા અને રાજયનો ત્યાગ કરી ચાલ્યા જાય છે.**

## સુવિચાર

- **તમારી મંજૂરી વિના તમને કોઇ હલકાં પાડી શકે નહીં, એટલા માટે તમારું મનોબળ મક્કમ હોવું જોઇએ - એસ. ભટ્ટાચાર્ય**
- **સન્માર્ગ પર ચાલવા છતાં જો લોકો તમને ખરાબ કહે તો બહેતર છે કુમાર્ગે જતાં લોકો ભલે તમારી પ્રશંસા કરે - શેખ સાદી**
- **જે આકર્ષક અને સુંદર છે એ બધું કંઇ શ્રેષ્ઠ નથી હોતું, પરંતુ જે શ્રેષ્ઠ છે તે સદૈવ સુંદર હોય જ - નિજન**
- **જે માણસ જિંદગીભર જે કેવળ એક જ વસ્તુ પ્રાપ્ત કરવા ઝંખે છે તેને તે મૃત્યુ પહેલાં અવશ્ય મળે જ છે - મેરેડિથ**
- **ચારિત્ર્ય વિનાની બુધ્ધિ એટલે દુનિયાને માથે આફત અને જાત માટે કયામત- મોહ્યુદ્દીન**
- **આપણો સમાજ ઘણીવાર 'લાલસા'નું મ્હોરું પહેરાવી દે છે- આલ્બેર કામુ**
- **અસફળતા જ હંમેશાં પોતાના ખોળામાં સફળતાનાં ફૂલ લઇને આવે છે - મિલ્ટન**

## બોધ કથા

**આજકાલ મંદિર-આશ્રમો-મસ્જિદોમાં ઉત્સવ-મેળા-ટેપ-રેડિયો-કેસેટ-બાંગો પોકારી ધાર્મિક કોલાહલથી લોકોના કાન અને મગજ ભરવાની પ્રવૃતિ બહુ ચાલે છે. મંત્રોની કેસેટ તો જાણે 'વાતાવરણ' જમાવવાનું કારણ જ બની ગયું છે. મંદિર-ધર્મોની શાંતિને આ 'અવાજ' રૂપી અજગર ગળી ગયો છે.**

**ભગવાન બુધ્ધનો શિષ્ય એક વડલાની છાયામાં લોકોને એકત્ર કરી જોર-શોરથી વ્યાખ્યાન આપતો હતો. લોકોતો કંઇ 'અન્યાય' કે 'ઝગડો' સમજી ત્યાં ગીર્દી કરી શિષ્યની વાત વ્યાખ્યાન સાંભળવા રોકાઇ જતા હતા. શિષ્યનો ધર્મ ઉપદેશ આમ ચાલતો હતો.**

**ભગવાન બુધ્ધે તેની આ વાત સાંભળી ત્યાંથી પસાર થયા પછી સાંજે આશ્રમમાં શિષ્યને બોલાવ્યોને પૂછ્યું, શું રસ્તા પરથી જતી ગાયો ને ગણવાથી, શું તું એ ગાયોનો માલિક થઇ જાય? શિષ્ય કહે, 'ના, ભંતે એનો માલિક તો જે એનું પાલન પોષણ કરે તે જ હોય ને?'**

**બુધ્ધ કરે, વત્સ એમ બૂમ-બરાડા પાડવાથી કેવળ ધર્મ-ધર્મની બૂમોથી કોઇ પર પ્રભાવ પડતો નથી. આપણે જાતે જ જયારે જીવનમાં ધર્મનું મૌન આચરણ કરી, ધર્મને આત્મસાત કરીએ ત્યારે જ આપણો પ્રભાવ પડે છે અને તેથી જ લોકો આપણું અનુસરણ કરે છે.**

# કસ્તૂરબાઇ ઘરકામની સાથોસાથ ધર્મકાર્યમાં પણ સમય આપતાં, આને કારણે એમની બૌધ્ધિક, આત્મિક અને આધ્યાત્મિક શક્તિઓ મજબૂત બની

## હું રસ્તે રઝળતી વારતા

**- અયના પટેલ**

સમય છે ઓગણીસમી સદીના ત્રીજા ચરણનો. આ ચરણનાં પ્રારંભનાં વર્ષોમાં ખાસ કરીને ૧૮૫૭ માં ઇસ્ટ ઇન્ડિયા કંપનીનો રાજય અમલ અસ્ત પામ્યો અને વિક્ટોરીયાની જાહેરાત સાથે બ્રિટીશ વહીવટનો ઉદય થયો. સાથોસાથ રાજકીય સ્વાતંત્ર્ય માટેની જાગૃતિનો પ્રારંભ પણ થઇ ચૂક્યો હતો. ભારતીય પ્રજા આઝાદીની પ્રાપ્તિ માટે આવનારા સંઘર્ષો માટેના પ્રયાસો કરી રહી હતી. દેશનાં વિભિન્ન ભાગોમાં વિભિન્ન સ્વરૂપના છૂટાછવાયા નાના મોટા સંઘર્ષો થતા રહેતા હતા.

ઓગણીસમી સદીના ત્રીજા ચરણાં એક તરફ રાજકીય અને સાંસ્કૃતિક કટોકટીનો અનુભવ ગુજરાતની પ્રજા કરી રહી હતી ત્યારે બીજી તરફ ગુજરાતે રાજકીય જાગૃતિની સાથોસાથ સાંસ્કૃતિક જાગૃતિનાં અને નવોત્થાનનાં મંડાણ આરંભી દીધા હતા. ત્યારે આ ચરણ દરમિયાન 'સંભવામિ યુગે યુગે' ની ભારતીય પરંપરા અનુસાર આશાના બે તેજ કિરણોનો પ્રાર્દુભાવ ગુજરાતને જોયો. આ બે તેજ કિરણો એટલે મોહનદાસ કરમચંદ ગાંધી અને કસ્તૂરબા ગોકુળદાસ જેઓ સમયાંતરે 'બાપુ' અને 'બા' ના હૂલામણા નામે ઓળખાયા.

મોહનદાસ અને કસ્તૂરબા બંનેનો જન્મ ઇ. સ. ૧૮૬૯માં. બંનેનાં જન્મ સ્થાન પોરબંદર. મોહનદાસનો જન્મ બીજી ઓકટોબર, તો કસ્તૂરબાનો જન્મ એપ્રિલમાં. આમ, કસ્તૂરબા ગાંધીજી કરતાં આશરે છ માસ મોટાં હતા.

એમનાં પિતાજીનું નામ ગોકુળદાસભાઇ મકનજી હતું અને માતાનું નામ વ્રજકુંવરબહેન. કસ્તૂરબાઇ સહિતનાં કુલ પાંચ ભાઇ-બહેન હતાં. જેમાં ત્રણ ભાઇઓ અને બે બહેનો હતા. એક બહેન એ બે ભાઇઓનાં અવસાન થવાથી ગોકુળદાસ વ્રજકુંવબરાને સંતાનોમાં કસ્તૂરબાઇ અને નાના ભાઇ માધવદાસ બે જ રહ્યાં.

કસ્તૂરબાઇના જન્મ સમયે એમનાં કુટુંબની આર્થિક સ્થિતિ સામાન્ય હતી. જમાના અનુસાર કન્યા કેળવણીનું કોઇ ખાસ મહત્ત્વ ન હતું. કન્યાએ તો ગૃહિણી બનવાનું છે માટે તેણે ભણવાની કોઇ જરૂર નથી એવું સામાજિક વાતાવરણ. આથી કસ્તૂરબાઇ પણ આર્થિક પરિસ્થિતિ અને સમાજનાં ખ્યાલે ઝાઝું ભણી શક્યા નહીં. કુટુંબ પાસે વડીલોપાર્જિત જમીન જાયદાદ ન હતી. રૂપિયા પૈસા પણ ન હતા. એમાં પણ સમાજની રીતરસમ અનુસાર નાની વયે લગ્ન થયાં.

મોહનદાસ અને કસ્તૂરબાઇનાં વિવાહ ૧૮૭૬માં થયેલા ત્યારે બંનેની વય માત્ર સાતની. જયારે લગ્ન થયા ત્યારે બન્નેની ઉંમર માત્ર તેરની. આથી ચૌદની તરૂણ વયે તો કસ્તૂરબાઇનું દામ્પત્ય જીવન શરૂ થઇ ગયું. જયારે ચૌદની વયે સાસરે આવ્યાં ત્યારે સંકુક્ત કુટુંબમાં કસ્તૂરબાઇ ક્યાંક ખોવાઇ ગયાં. સાસરું દિવાની ખાનદાનનું અને સંયુક્ત કુટુંબ તેથી કુટુંબમાં સભ્યોની સંખ્યા ઘણી. જમાના પ્રમાણે ઘરકામ જાતે કરવાનું હતું. દળવાનું કાર્ય પણ હાથે કરવાનું. આ બધું કસ્તૂરબાઇ સહજ રીતે કરતાં હતા. મોહનદાસ બેરિસ્ટર થઇ ઇંગ્લેન્ડથી પાછા ફર્યાં ત્યાં સુધી તેમણે સાસરામાં બધાંની સેવા કરી.

કસ્તૂરબાઇ ઘરકામની સાથોસાથ ધર્મકાર્યમાં પણ સમય આપતાં. આને કારણે એમની બૌધ્ધિક, આત્મિક અને આધ્યાત્મિક શક્તિઓ મજબૂત બની. સખત પરિશ્રમ એ નિયમિત ધાર્મિક પ્રવૃત્તિઓથી કસ્તૂરબાઇનું સર્વાંગીણ ઘડતર થયું જે પછીના સમયે પતિનાં રાષ્ટ્રવ્યાપી કાર્યમાં ખુબ ઉપયોગી નીવડ્યું. કસ્તૂરબાઇ અસાધારણ દામ્પત્યજીવન પામીને અને એને અનુરૂપ પોતાનું જીવન ઢાળીને પતિનાં રાષ્ટ્રકાર્યમાં સાચા અર્થમાં જીવનસંગિની બની ગયા અને કસ્તૂરબાઇમાંથી કસ્તૂરબા બની ગયાં અંતે તો કેવળ બાનાં નામથી જ વિખ્યાત બન્યાં અને ભારતભૂમિનાં રાષ્ટ્રમાતાના પદથી વિભૂષિત બન્યાં.

કસ્તૂરભાઇ પોતાના પતિનો માત્ર પડછાયો બની રહ્યાં નહીં. અસહાય અબળાં પણ ન રહ્યાં પણ સમજપૂર્વકની જીવનસંગિની બની રહ્યાં. પોતાના કષ્ટ સાધ્ય જીવનપંથમાં કસ્તૂરબાઇ એક અડગ યોધ્ધા હતાં જે દ્વારા એક પછી એક કઠોર ત્યાગ માટે તેઓ તૈયાર થયાં.

ગાંધીજીનું જીવનનું વ્રત કઠોર હતું. તેમ તેમની કાર્યશૈલી પણ કઠોર હતી. કસ્તૂરબા એમનો સ્વભાવ જાણતાં હતા અને તદ્નુસાર તેમણે તેમનું જીવન પણ વ્રતધારી બનાવી લીધું હતું. એમણે જીવન પરિવર્તન એટલી હદે અપનાવી લીધું કે રાજેન્દ્રપ્રસાદે કહ્યું હતું તેમ ગાંધીજી જેમ સહુના બાપુ હતા, કસ્તૂરબા તેવી જ રીતે સહુનાં બા હતા.

કસ્તૂરબાનું જીવન પરિવર્તન સાચાં પતિવ્રતાનું હતું. કસ્તૂરબા આદર્શ અને વ્યવહારમાં ઉભય રીતે પતિવ્રતા હતા. પતિને સર્વસ્વ ગણીને પતિના પડછાયારૂપ બની રહેવું તે ભારતીય પત્નીના આદર્શને એમણે ચરિત્રાર્થ કર્યો હતો. તો પતિનાં વ્રતોને પોતાનાં વ્રતો ગણી આચારમાં મૂકીને વ્યવહારૂં દૃષ્ટિએ પણ પતિવ્રતા બન્યાં હતા. કસ્તૂરબાની સમજપૂર્વકની ત્યાગની આ ભાવનાએ એમને મહાન તો બનાવ્યા પણ રાષ્ટ્રમાતા પણ બનાવ્યાં અને વાત્સલ્યમૂર્તિનું બિરૂદ પણ અપાવ્યું.

બાપુના આ શબ્દો બાનાં પ્રસ્તુત વ્યક્તિત્વને પારદર્શક રીતે આપણી પ્રત્યક્ષ કરી આપે છે. "જો મને ક્યારેય પણ મારા જીવનસાથીની પસંદગી કરવાની હોય તો હું કસ્તૂરબાને પસંદ કરું. ભગવાને મારી પ્રાર્થના છે કે જન્માંતર સુધી કસ્તૂરબાને પસંદ કરું. ભગવાનને મારી પ્રાર્થના છે કે જન્માંતર સુધી કસ્તૂરબા મારી પત્ની રહે." આથી વિશેષ શ્રધ્ધાંજલિ બા માટે બીજી કઇ હોઇ શકે!

આફ્રિકામાં બાની ઘણી કસોટીઓ થઇ જયારે બાપુનો પ્રથમ જેલવાસ થયો, બાપુને જેલમાં જેવો ખોરાક મળતો તેવો ખોરાક જેલ બહાર રહીને બા લેતાં હતા. જો કે પરિણામે બા એટલી હદે બિમાર પડ્યાં કે મોત નજીક પહોંચી ગયાં. પરંતુ બાનું ધૈર્ય ડગ્યું નહીં અને બા બચી ગયાં.

ગાંધીજી - કસ્તૂરબાના ઘરમાં ભારતનાં વિવિધ વિસ્તારોમાં કિશોરો - કુમારો રહેતા હતા. જેમાં બિહારી, બંગાળી, તમિળ, ખ્રિસ્તી, મુસલમાન, પારસી એમ ઘણી કોમોનો સમાવેશ થતો હતો. અને આવી અવરજવર એટલી બધી રહેતી કે ઘણીવાર તો બા બાપુજીને સૂવા - રહેવા પોતાના ઘરનો એકાદ ખૂણો બાકી રહેતો. ક્યારેક તો ખૂણો પણ રહેતો નહી અને કોઇ પણ ઋતુમાં બા - બાપુને સૂવાની સગવડ પણ ઘરની બહાર રાખવી પડતી.

ગાંધીજી તો વિચારપુરૂષ હતા અને તેથી પોતાના વિચારોને આચારમાં મૂકવાનું કાર્ય પણ હતું પરંતુ બા તો પોતાના પતિનાં વિચારોને આચારમાં મૂકી જાણનાર શ્રેષ્ઠ કોટિનાં આચાર્યો હતો.

બા - બાપુ ૧૯૧૪ માં ભારત પાછા ફર્યાં. બાપુની સાથે બાનું પણ સન્માન થયું. ગાંધીજીએ ભારતયાત્રા કરી પરિસ્થિતિનો તાગ મેળવ્યો. અમદાવાદમાં કોચરબમાં આશ્રમ સ્થાપ્યો. તે પછી સાબરમતી આશ્રમ સ્થાપ્યો.

બાનું વાત્સલ્ય અપ્રતિમ હતું. પણ અનુશાસનથી રસાયેલું હતું. એક વખત અચાનક મોતીલાલ નહેરૂ મહેમાનો સાથે આશ્રમમાં આવી પહોંચ્યાં. બધાં જમી પરવારીને આરામમાં હતા. બા પણ આડે પડખે થયાં હતાં. બાપુએ જી. રામચંદ્રનની મદદથી મોતીલાલ વગેરે માટે ખાવા બનાવવા ખટપટ શરૂ કરી. રસોડામાં થતી ચહલપહલથી બા જાગી ગયા અને માફી માંગી. પણ તે સાથે મારી સંમતિ વિના રસોડું કેમ ખોલ્યું એવો આક્રોશ ભર્યો ભાવ બાનાં મુખારવિંદ ઉપર ડોકાયો. રસોડામાં બાની જ હકૂમત ચાલતી હતી. બાપુનો હુકમ ત્યાં ચાલતો ન હતો.

૧૯૪૪માં ફેબ્રુઆરીની બાવીસમીએ અને શિવરાત્રીની સંધ્યાએ પૂણેના આગાખાન મહેલમાં બાએ પોતાની જીવનલીલા બાપુની હાજરીમાં સંકેલી લીધી અને સૌભાગ્યનો ચાંદલો અખંડ રાખી રાષ્ટ્રને ચરણે પોતાનો દેહ સમર્પિત કરી દીધો.

જીવન વિજ્ઞાનનાં આધારસ્તંભ ત્રણ છે. પ્રેમ, કરૂણા અને સત્ય. બાપુએ સત્યનો પ્રયોગ મૂર્તિમંત કર્યો તો બાએ પ્રેમ અને કરૂણાના પ્રયોગનું પારદર્શક અમલીકરણ કરી બતાવ્યું. માટીમાંથી માનવ બનાવવાનો પથ એટલે બા-બાપુનું જીવન. એમનું ઘર એમની પ્રયોગશાળા હતી. આવું હતું કસ્તૂરબાનું જીવન. વાત્સલ્યભર્યું, પ્રેમાળ, વ્યવહારૂં, ઉષ્માભર્યું, માતૃત્વથી ભર્યું ભર્યું, સહૃદયી અને ત્યાગી.

'પીડ પરાઇ જાણે' એ વૈષ્ણવી અભિગમથી બાનું વ્યક્તિત્વ છલકાતું હતું. આવાં આ રાષ્ટ્રમાતા, વાત્સલ્યમૂર્તિ કસ્તૂરબાને કોટિ કોટિ વંદન, કારણ ગીતોક્તિ યોગ કર્મસુ કૌશલ્મ્ ની જેમ બા એક પ્રકાંડ કર્મયોગી હતાં.

**સંદર્ભ : ગુજરાતના અસ્મિતાના જયોતિર્ધરોના આધારે**

# લેખ ઉષ્ણ ઉષ્ણ રોટલાની જેમ જ જમી જવાય છે, અને કશા ઉમેરણ વિના એ સર્વ સ્વાદ-રસાયણ બની જાય છે, પણ એ પીવા કરતાં ચાવવા માટે દાઢમાં મમળાવવાથી ઓર સ્વાદ આવે છે

## શબ્દ સમીપે
## શબ્દ અને સ્વાદની આસ્વાદ્ય વાનગીઓનો રસથાળ

**- નટવર હેડાઉ**

વર્ષાઋતુમાં વરસાદ ઝરમર ઝરમર વરસતો હોય ત્યારે બાળકો તેમાં ભીંજાતા અને પાણીમાં છબછબીયાં કરતાં ગાતાં કે 'આવ રે વરસાદ, ધેબરીયો પ્રસાદ, ઉની ઉની રોટલી, ને કારેલાંનું શાક...' હવે સમય પ્રમાણે પરિસ્થિતિ બદલાઇ છે. ત્યારે રોડની સાઇડમાં મકાઇ ડોડો અને લીલી મગફળીની શોડમથી આકર્ષાઇ રાહદારીઓ ઝરમર વરસાદમાં તેનો સ્વાદ માણવા રોકાઇ જાય છે. વળી વરસાદ વરસતો હોય ત્યારે ગરમાગરમ ભજિયાં ખાવાની લિજ્જત કંઇક ઔર જ હોય છે.

વાચક મિત્રો તમને એમ થશે કે પુસ્તક સમીક્ષાની આ કોલમમાં વર્ષાઋતુના માનવસ્વાદના ચટાકાની વાત કરવા હું આંજે કેમ બેસી ગયો છું તો તેનું પણ એક ખાસ કારણ છે. હાં, આજે આપણે એક એવા પુસ્તકની વાત કરવાની છે જેમાં એક ગૃહિણીની સ્વાદબ્રહ્મથી માંડીને સ્વાદ બ્રહ્મ સુધીની સીધી સાદી સાધનાની વાત કરવાની છે. છતાં આ પાકશાસ્ત્ર શિખવાનું કોઇ પુસ્તક નથી. પણ એક અલગ પ્રકારનું પુસ્તક છે. જેમાં ભોજનની વાનગીઓ વિષેના નિબંધો છે. જેમાં પુસ્તકનું નામ છે લખવૈયાગીરી.

આપણે ત્યાં સામાન્ય રીતે રસોઇને ખાનારા એને માણનારા અને એને જાણનારા એમ ત્રણ પ્રકાર જોવા મળે છે. એકલું ખાઇ જાણનારા નહીં પણ રસોઇ જાણીને ખાઇ - માનનારા કે રસોઇના પરખંદા માટે અંગ્રેજીમાં એક બહુ જ સરસ શબ્દ છે. (ગુરમેટ) રસજ્ઞ, વાનગીઓનો રસિયો, જેના માટે મરાઠીમાં 'ખવૈયા' શબ્દ વપરાય છે. ગવૈયાની જેમ આ ખવૈયાને લગતી રસરસતી વાતો, એટલે 'ખવૈયાગીરી' આપણે ત્યાં ગવૈયાની જેમ લડવૈયા કે ઘડવૈયા શબ્દ આવ્યો પણ ખવૈયા રહી ગયો. મરાઠી પ્રજાના વહાલસોયા કલા પારંગત એવા હાસ્યલેખક પુ. લ. દેશપાંડેનો મરાઠી ભાષામાં બહુ જ વખણાયેલો લેખ છે. "મારી ખાદ્ય જીવન" પુ. બ. જેવા ગવૈયા, બજવૈયા, ખલૈયા, લખવૈયા તેવા જ ઉત્તમ ખવૈયા.

તેથી એમણે આ લેખમાં મહારાષ્ટ્રની દાઢે વળગેલી લોકપ્રિય વાનગીઓનું રસદાર વર્ણન કર્યું છે. એવી જ રસદાર ગુજરાતી વાનગીઓનું વર્ણન કરતાં લેખોનું પુસ્તક 'લખવૈયાગીરી' આપણને લેખિકા અરૂણાબેન જાડેજા દ્વારા મળે છે. ગુજરાતના જાણીતા સામયિકો નવનીત, સમર્પણ, કુમાર, અખંડ આનંદ અને જનકલ્યાણમાં આ બધા લેખો અગાઉ છવાતાં વાંચકો તેનો આસ્વાદ છૂટક છૂટક લઇ ચૂક્યા છે ત્યારે એક સાથે પુસ્તકરૂપે આ લેખો આપણે મળે છે જે ખુબ જ આસ્વાદ્ય છે.




લખવૈયાગીરી પુસ્તકમાંથી પસાર થતાં આપણને કુલ સાત જેટલા નિબંધો મળે છે. જેમ કે રોટલો, છાશલીલા, રિસાતી વિસરાતી કળા - રસોઇ, રાંક નામ રોટલીનું, ઊँ શરીરાય નમ:, તું પીજે વળી પાજે, બટાકા ખાઉંને વરી તે મહાસુખ પામી, ન્યારું શિરામણ, ગોળ વિના મોળો કંસાર...

લખવૈયાગીરીના આ લેખો રસદાર અને સ્વાદિષ્ટ બન્યાં છે કારણ કે લેખિકાને રસવંતી (રસોઇ)ની જેમ માં સરસ્વતીની કૃપા પ્રાપ્ત થઇ છે. જેથી સ્વાદ સોડમની સોથસાથ જ શબ્દો પણ ફોરમતા રહે છે. તેથી જ તેમના આ નિબંધો વિષે રતીલાલ 'અનિલ' કહે છે કે, 'બહેનશ્રી તમે ઘડેલો, વહાલે થપથપાવેલો, આકાર આપેલો અને હુંફાળી સોડમે ઉષ્મા ભર્યાં નિબંધો વાંચી આદિમ ઉમંગ ઉછળ્યાં. મેં તો માત્ર શિશુ નજરે, ભૂખી નજરે, ઘુમાડિયા ચુલા સામે ઉભડક બેસી સાંજ ટાણે આટાના સૂરજને ઘડાતો જોયો છે. પણ તમારા કસબી કલાકારે તો એનું ઠૂઠાળું ઘડતર કર્યું છે. એટલે છાપ ન હોવાં છતાં 'મેઇ ઇન'' વંચાયા કરે છે. લખતાં આંગણાની નહીં, હાથમાં પંજાની છાપ ઉપસી આવે છે.

**(અનુસંધાન પાના નં. ૬ પર)**

## આજના દિવસનો મહિમા

**- ભાનુપ્રસાદ એસ. દવે**

**૧૬મી જુલાઇ**

- **મહારાણી વિક્ટોરિયાના આરસનાં પૂતળાને તોફાનીઓએ ડામર ચોપડી કાળું કર્યું. આ ડાઘા દૂર કરવાના તમામ પ્રયત્નો નિષ્ફળ નીવડાય ત્યારે પોતાની રાસાયણિક પ્રક્રિયાની જાણકારીથી પૂતળાને ચકાચક બનાવીને વિશ્વ વિખ્યાતી મેળવનાર રસાયણ શાસ્ત્રી - ત્રિભુવન દાસ ગજ્જરની આજે પુણ્યતિથિ - ૧૬-૭-૧૯૨૦.**

- **હિંમતભેર અંગ્રેજો સામે લડનારા મહિલા સેનાપતિ ભારતરત્ન, લેનિન શાંતિ પારિતોષિક વિજેતા, ૧૯૪૨ ની લોકક્રાંતિનો નાયિકા અરૂણા અસફ અલીનો જન્મ - ૧૬-૭-૧૯૦૭.**
- **ચિત્રકલાના આદ્યપ્રણેતા સર જોશુઆ રહોમોલ્ડ્ઝનો ઇંગ્લેન્ડ ખાતે જન્મ.**

# દેવાની આંખો સામે માત્ર બે પાત્રો તરવરતા હતા, અને તે બંને તેને આંખના કણાની જેમ ખૂંચતા હતા, તેમાનું એક પાત્ર હતું તેની પોતાની પત્ની અમુ અને બીજુ પાત્ર હતું ગગજી

## પરણેતરની પ્રીત
(સામાજિક ધારાવાહિક : પ્રકરણ-૨૫)

**- જયંતીલાલ મકવાણા**

દવાખાનામાં સારવાર લીધા છતાં દેવાના માનસમાં કંકુનાં શબ્દો તરવરતાં હતાં. અણુ પ્રત્યે મનમાં ગાંઠ પડી ગયેલી. કંકુએ દેવાની ઊંઘ ઊંડાડી દીધી હતી. મા-બાપને કાંઇ કહેતા દેવાની જીભ ઉપડતી નહીં. આથી તેને કયાંય ચેન પડતું નહિ અને મગજ પર ભાર આવી જતાં તે તરંગે ચઢી જતો.

દેવાની આંખો સામે માત્ર બે પાત્રો તરવરતા હતા. અને તે બંને તેને આંખના કણાની જેમ ખૂંચતા હતા. તેમાનું એક પાત્ર હતું તેની પોતાની પત્ની અમુ અને બીજુ પાત્ર હતું ગગજી.

દેવાના શરીરમાં હજુ અશક્તિ હતી. તેની માનસિક સ્થિતિમાં સુધારો થયેલ નહિ. તે વિચારતો કે મારી મર્દાનગી ક્યાં કઇ. એક વખતનો હિંમતવાળો યુવાન આજે માનસિક સ્થિરતાં ગુમાવી બેસે તે તેના માટે આશ્ચર્યકારણ ગણાય. તે આત્મવિશ્વાસ ગુમાવી બેઠેલ. તેનું કારણ એક જ હતું અને તે કારણ હલકાં પગની અમુનું ચારિત્ર હતું. ઘરની આવી હલકી વાત કોના પાસે જઇને કરવી.

દેવાનો કૉલેજના દિવસો યાદ આવી ગયા. કૉલેજમાં આવારા છોકરાઓ છોકરીઓની ઠઠ્ઠા મશ્કરી કરતાં હતા. તેથી દેવાએ કૉલેજમાં ભયંકર તોફાન કરેલ. તોફાની છોકરાને માર મારી તેમનાં છક્કા છોડાવી નાખેલા. તેમના હાડકાં ખોખરાં કરી નાખતાં કૉલેજમાં તેની ધાક બેસી ગયેલી.

જો પારકી છોકરીઓની છેડતી કરતાં આવારા છોકરાઓને મારી આબરૂ બચાવી હોય તો તેની પત્ની અમુ માટે કેવી રીતે સહન કરી શકાય! જો અમુની સામે કોઇ ઊંચી નજર કરીને જુએ તો તેની આંખો ફોડી નાખવી જોઇએ.

આમ વિચારતાં દેવાના દેહમાં આગ ભભૂકી ઊઠી. તેની આંખોમાંથી અંગારા વરસતાં કંકુની વાતનો ભેદ ઉકેલવા ગામડે જવા બસમાં બેઠો. દેવો ઊંડા વિચારમાં ગરકાવ થઇ ગયો. આ ચારિત્રહીનતાની જે વાત ફેલાયેલી છે. એનો ભેદ ખુલ્લો પાડવો તો પડશે જ અને તે માટે અમુ પાસે જવું! ગગજી પાસે જવું! કે કંકુ ભાભી અમુ અને ગગજીને રૂબરૂમાં ભાંડો ફોડવો! કે પછી છૂપી રીતે ગગજીને મળી પૂછપરછ કરી ભેદ જાણવો. આમ વિચારતાં ગામ આવી ગયું.

દેવો સીધો જ ખેતર તરફ જવા ઉપડી ગયો. અત્યારે ગગજી ખેતરે હશે! એમ વિચારી તે ખેતર તરફ ઝડપથી પગલાં ભરવા લાગ્યો.

રસ્તાની બંને બાજુ લીલોછમ્મ પાક લહેરાતો હતો. ખેતમજૂરો ખેતરમાં કામ કરી રહ્યાં હતા. ધીમે ધીમે દેવુંતેના ખેતર નજીક જઇ રહ્યો હતો. ઘરની આબરૂ બચાવા તે આવાગમન હિંડોળે ચડી ગયેલો. વિચાર કરતાં કરતાં ખેતર આવી ગયું.

તેણે ગગજીને ખેતરમાં પાણી વાળતો જોયો. ગગજીની નજર માલિક પર પડતાં તે પાણી વાળવાનું પડતું મૂકી દોડ્યો ને બોલી ઊઠ્યો. દેવાભાઇ... દેવાભાઇ... આમ અચાનક બોલતાં બોલતાં ગગડી ઓરડીમાંથી ખાટલો લઇ આવી ઢાળ્યો ને ઉપર ગોદડું પાથરતાં કહ્યું, "દેવાભાઇ, બેસો" પછી પાણીનો ગ્લાસ લઇ આપવા હાથ લાંબો કરતાં કહ્યું, "દેવાભાઇ પાણી..."

ગગજીનાં હાથમાં પાણીનો ગ્લાસ જોતાં દેવું બરાડી ઊઠ્યો. "ગગજી..."

આક્રોશ ભરી દેવાની બૂમ સાંભળતાં ગગજી ક્રૂજવા લાગ્યો. તેનાં સમગ્ર દેહમાંથી કંપારી છૂટવા લાગી. ગગજીએ ક્રૂજતાં ક્રૂજતાં પાણીનો ગ્લાસ આપવા હાથ લાંબો કર્યો કેતુરત જ ગગજીને બે-ત્રણ તમારા ગાલ પર મારી દીધા. ગગજી ભયભીત થતો ક્રૂજવા લાગ્યો. તેની આંખોમાંથી આંસુ ટપકવાં લાગ્યા. તે રડી પડયો ને રડતાં રડતાં બોલી ઊઠ્યો. "દેવાભાઇ, તમને શું થઇ ગયું. મારો કોઇ વાંક ગુનો થઇ ગયો કે શું?"

દેવો સ્તબ્ધ થઇ ગગજીના શબ્દો સાંભળવા લાગ્યો. ગગજીને લાગ્યું કે દેવાભાઇને કોઇ ગેરસમજ થઇ લાગે છે અથવા તો અમુને કહેલી સોનબાની ચારિત્રની વાત અમુએ દેવાભાઇને કહી લાગે છે.

હા, પણ અમુ તો પિયરમાં છે દેવાભાઇને મારા વિરૂધ્ધ વાત કરવાવાળું કોણ હોય. ગગજી હે હાથ જોડી બોલ્યો. "દેવાભાઇ, આ બધું શું છે! મારી કોઇ ભૂલ થઇ ગઇ હોય તો મને કહો, મને જે હોય તે સાચી હકીકત તો જણાવો."

**(અનુસંધાન પાના નં. ૬ પર)**